**BRAMPTON** Service and Information Update

# સીટીએ સમુદાયને સુરક્ષિત રાખવા ડ્રાઈવવૅ કામગીરીના નિયમો મજબૂત બનાવ્યા

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (એપ્રિલ 27, 2021) – સીટી ઓફ઼ બ્રેમ્પટને ઘરો અને સમુદાયને વધારે સુરક્ષિત બનાવવામાં મદદ મેળવવા ખાનગી મિલકતો પર ડ્રાઈવવૅ પેવિંગ કોન્ટ્રાક્ટરો (ફ઼રસ કામ કરતા ઈજારદારો) માટેના નિયમો મજબૂત બનાવ્યા છે.

આ વર્ષથી નવું, કોન્ટ્રાક્ટરો અને ડ્રાઈવવૅ સીલર્સે લાઈસન્સ મેળવતા પહેલાં સીટી સાથે ઓનલાઈન તાલીમ અનિવાર્યપણે પૂરી કરવાની રહે છે. ઈજારદારો માટે સુરક્ષા થાપણ (સિક્યુરિટી ડિપોઝિટ) હવે અનિવાર્ય બનાવવામાં આવી છે. લાઈસન્સ આપવા અને/અથવા તાજુ કરાવવા માટેની આ પૂર્વ-જરૂરિયાતો ડ્રાઈવવૅ પર ગેરકાયદેસર બાંધકામ ઘટાડવા માટે લેવાયેલા નોંધપાત્ર પગલાઓ છે.

પ્રોવિન્સનો સ્ટે-એટ-હોમ ઓર્ડર (ઘરે રહેવાનો હુકમ) ઉઠાવી લેવામાં આવે ત્યારે, બાય-લૉ અને એન્ફ઼ોર્સમેન્ટ સર્વિસીસ કર્મચારીઓ સીટીના વિવિધ બાય-લૉ અનુસાર ન હોય તેવા ડ્રાઈવવૅ ઈન્સ્ટૉલેશન્સ કે વિસ્તરણની તપાસો ફરી શરૂ કરશે.

વધારે પાર્કિંગ જગ્યા ઉમેરવા, પેવિંગ સ્ટોન્સ ઉમેરવા પોતાનો ડ્રાઈવવૅ પહોળો કરવાનું આયોજન ધરાવતા અથવા પોતાનો ડ્રાઈવવૅ પુનઃસીલ કરવા ઈચ્છતા રહેવાસીઓને નીચેના સૂચનો ધ્યાનમાં રાખવાનું કહેવામાં આવે છે:

- તપાસો કે કોન્ટ્રાક્ટર સીટી ઓફ઼ બ્રેમ્પટનનું લાઈસન્સ ધરાવે છે કે કેમ. લાઈસન્સધારક કોન્ટ્રાક્ટરોની યાદી ઓનલાઈન ઉપલબ્ધ છે.
- DIY (ડૂ ઈટ યોરસેલ્ફ઼) પ્રોજેક્ટ્સ માટે, ડ્રાઈવવૅની મહત્તમ પરવાનગી મળેલી પહોળાઈ અને શું કર્બ કટ પરવાનગી જરૂરી છે કે કેમ તે સીટી સાથે તપાસી જુઓ.
- ડ્રાઈવવૅ પેવિંગ કામગીરી દરમિયાન તાલીમબદ્ધ લોકો સ્થળ પર હોવા રહ્યાં.

બાંધકામ સીટીના બાય-લૉ (પેટા-કાનૂનો) અનુસાર અને કાયદેસર હોવાની ખાતરી કરાવવા ઈજારદારો અને રહેવાસીઓ, બંને જવાબદાર રહે છે.

વધુ માહિતી માટે વેબસાઈટ જુઓ, www.brampton.ca/drivewaypaving

-30-

**મિડિયા સંપર્ક** :
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઑર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ઼ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca